# બાળગીતો



સંકલન : સુજય પટેલ (આ.શિ.)
Sujay4patel.blogspot.in

Sujay4patel.blogspot.com

# બાળગીતો

## ૧. વારતા રે વારતા....

વારતા રે વારતા
ભાભો ઢોર ચારતા,
ચપટી બોર લાવતા,
છોકરાંને સમજાવતા,
એક છોકરો રિસાયો,
કોઠી પાછળ ભીંસાયો,
કોઠી પડી આડી,
છોકરાએ ચીસ પડી,
અરરર... માડી !
એક બિલાડી જાડી
એણે પહેરી સાડી
સાડી પહેરી ફરવા ગઈ
તળાવમાં એ તરવા ગઈ
તળાવમાં તો મગ્ગર
બિલ્લીને આવ્યા ચક્કર
સાડીછેડો છૂટી ગયો
મગ્ગરના મોં માં આવી ગયો
મગ્ગર બિલ્લીને ખાઈ ગયો
મામાનું ઘર કેટલે?
દીવો બળે એટલે !
દીવા મેં તો દીઠા
મામા લાગે મીઠા !

મામી મારી ભોળી
મીઠાઈ લાવે મોળી.
મોળી મીઠાઈ ભાવે નહીં
રમકડાં કોઈ લાવે નહીં.
દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો.
ઘોડો કૂદે ઝમ ઝમ !
ઘૂઘરી વાગે ઘમ ઘમ
ધરતી ધ્રૂજે ધમ ધમ !
ધમ ધમ ધરતી થાતી જાય
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.
સહુના મન મોહી ગયો,
એક ઝવેરી જોઈ રહ્યો,
ઝવેરીએ તો હીરો દીધો,
હીરો મેં રાજાને દીધો.
રાજાએ ઉતાર્યો તાજ,
આપ્યું મને આખું રાજ,
રાજ મેં રૈયતને દીધું,
મોજ કરીને ખાધું પીધું.

## ૨. ચાંદામામા ચાંદામામા આવો મારી પાસે..

ચાંદામામા ચાંદામામા આવો મારી પાસે
નાનકડો વેદાંત બોલાવે આવો મારી પાસે
ક્યારે નાના ક્યારે મોટા અજબ ગજબના થાઓ
ક્યારેક પૂનમ તો ક્યારેક બીજનો ચંદ્રમાં કહેવાઓ
ચાંદામામા ચાંદામામા આવો મારી પાસે..
ધોળા ધોળા દૂધ જેવા મારા મામા થાઓ
શરદપૂનમની રાતે અમને રૂડો રાસ રમાડો
ચાંદામામા ચાંદામામા આવો મારી પાસે..
અંધારાને હડસેલીને અજવાળું પ્રગટાવો
શીતળતાનો ગુણ અનોખો જગ આખાને આપો
ચાંદામામા ચાંદામામા આવો મારી પાસે..

## ૩. સે સોરી માય સન – રઈશ મનીયાર

સે સોરી માય સન, સે સોરી
છ છ કલાક સ્કૂલ, ત્રણ ત્રણ કલાક ટ્યુશન,
ને તોય આ નોટ તારી કોરી, સે સોરી..
ઘસી ઘસી પીવડાવી અઢળક બદામ,
અને માથે તે ચોપડ્યું ઘી.
યાદદાસ્ત માટે શંખપુષ્પીની કંઈ
બાટલીઓ પેટમાં ભરી.
કેમે કરી યાદ રહેતું તને લેસન,
યાદ રાખે તું સીરીયલની સ્ટોરી, સે સોરી..
પંખીઓ બચ્ચાને ઉડતાં શીખવે,
માણસ બચ્ચાને આપે પિંજરું,
મમ્મી તો મોરની પ્રેક્ટીસ કરાવે,
થાય બાળકને ટહુકા ચીતરું.
મમ્મી ક્યાં જાણે કે કોઈ નોટબુકમાં
બાળક લાવ્યું છે આભ આખું દોરી, સે સોરી..
તારે હો ઊંઘવું ને ત્યારે જગાડું
ને જાગવું હો ત્યારે સુવાડાવું,
પરીઓના દેશમાંથી ઉડતો ઝાલીને
તને રીક્ષામાં ખીચો ખીચ ઢાસું.
ભણતરનો ભાર એવો દફતરનો ભાર,
જાણે ઊંચકે મજૂર કોઈ બોરી, સે સોરી..

## ૪. પંડિત ચાલ્યા જાય છે...

પંડિત ચાલ્યા જાય છે, પંડિત ચાલ્યા જાય છે.
પગમાં જૂનાં જૂતાં પહેરી પંડિત ચાલ્યા જાય છે.
આંબા ઉપર કેરી દેખી પંડિત જોવા જાય છે
તડાક કરતા કેરી તૂટી ટાલ પર કુટાય છે.
લોહી વહી જાય છે ને પંડિત ચાલ્યા જાય છે.

ખીસામાંથી ડબ્બી કાઢી છીકણી સુંઘવા જાય છે.
હાક છી હાક છી કરતા કરતા ચોટલી ફર ફર થાય છે.
આકાશે એરોપ્લેન દેખી પંડિત જોવા જાય છે
આમતેમ આમતેમ ફાંફા મારતા ગધેડે અથડાય છે.
પંડિત ચાલ્યા જાય છે, પંડિત ચાલ્યા જાય છે.



## ૫. ટન ટન ટન બેલ પડ્યો...

ટન ટન ટન બેલ પડ્યો ને સ્કૂલમાં થઈ ગઈ છૂટ્ટી,
ભારી દફ્તર ખભે મૂકીને મેં તો દોટ મૂકી.
યુનિફોર્મ છે વિખરાયેલો ને નીચે ખુલ્લું દફ્તર,
બુટની દોરી છૂટ્ટી છે ને બેલ્ટ ઢીલો ને બક્કલ,
સ્કૂલ લાગે છે જાણે મેદાને દંગલ..

નોટબુકનાં પાના ફાડી પ્લેન બનાવવા બેઠા,
સ્કૂલનાં દરવાજે અમે તો રીક્ષા કાજે બેઠા,
થઈ રહી છે ચોપડાઓની જુઓ અદલા બદલી,
લંચબોક્ષ ખાલી કરવાની છે ઉતાવળ કેટલી?
પંજરમાંનું પંખી જાણે જાય કશે ઉડી..





# બાળગીતો



## ૬. બોલો થેન્ક યુ...

બોલો થેન્ક યુ... થેન્ક યુ... થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ
મમ્મી પપ્પાના ચરણો ચુમીને કહીએ થેન્ક યુ.. થેન્ક યુ..
જાત દુ:ખ વેઠીને અમને જીવનનું સુખ આપ્યું,
મમ્મી થેન્ક યુ, પપ્પા થેન્ક યુ, થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ
સંત ગુરૂ ઋષીમુનીઓ ને ભાવ થી કહીએ થેન્ક યુ.. થેન્ક યુ..
અજ્ઞાની અંધારા હટાવી ભાવ નું તેજ વધાર્યું,
ગુરૂ થેન્ક યુ, ટિચર થેન્ક યુ, થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ
વૃક્ષ નદી સુરજદાદા ને ભાવથી કહીએ થેન્ક યુ.. થેન્ક યુ..
ફળ ફૂલો જળ તેજ આપીને જીવન ને સવાર્યું,
વૃક્ષો થેન્ક યુ, નદી થેન્ક યુ, દાદા થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ
સુંદર જીવન આપ્યું તેથી પ્રભુને કહીએ થેન્ક યુ.. થેન્ક યુ..
મન બુધ્ધી આપી હ્રદયને ભાવથી ખુબ સજાવ્યુ,
પ્રભુ થેન્ક યુ, હરિ થેન્ક યુ, તમને થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ
બોલો થેન્ક યુ... થેન્ક યુ... થેન્ક યુ વેરીમચ
ઉપકાર કર્યા અમ પર તમે તેથી થેન્ક યુ વેરીમચ





સંકલન : સુજય પટેલ (આ.શિ.)
Sujay4patel.blogspot.in

## ૭. હું ને ચંદુ છાનામાના

હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા,
લેસન પડતું મૂકી, ફિલમ ફિલમ રમવા બેઠા.
મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લૂંગી,
પડદો બાંધી અમે બનાવી ફિલમ એની મૂંગી.
દાદાજીના ચશ્માંમાંથી કાઢી લીધો કાચ,
એનાથી ચાંદરડા પાડ્યા પડદા ઉપર પાંચ.
ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું,
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ.
કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક,
ઉંદરડીને ભાળી એણે તરત લગાવી ઠેક.
ઉંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી,
બીક લાગતા ચંદુડીયાએ બુમાબુમ જગાવી.
દોડમદોડા ઉપર આવી પહોંચ્યા મમ્મી-પપ્પા,
ચંદુડીયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધબ્બા

## ૮. હુ તુ તુ તુ... જામી રમતની ઋતુ..

હુ તુ તુ તુ તુ તુ તુ તુ
જામી રમતની ઋતુ
આપો આપો એક મેક ના થઈ ને ભેરુ સારુ
જગત રમતું આવ્યું ને રમે છે હુ તુ તુ તુ તુ
તેજ ને તિમિર રમે... હુ તુ તુ તુ હુ તુ તુ તુ
પાણી ને સમીર રમે.. હુ તુ તુ તુ હુ તુ તુ તુ
વાદળની ઓથે બેઠા સંતાયેલા પ્રભુજીને
પામવાને સંતને ફકીર રમે હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
એક મેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાથે
ધમ્માચકડી પકડા પકડી અવળે સવળે આટે પાટે
ખમીર થી ખમીરનો ખેલ રે મંડાયો ભાઈ
હોય જગ જાગતું કે હોય સુતું........ હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
ભેરું તો દેખાવ કરીને ખેલ ખેલતા ઉંચે શ્વાસે
પર ને કેમ પરાજીત કરવો અંતર પ્રગટી એક જ આશે
વિધ વિધ નામ ધરી સંસારની કેડી માથે
ખાકનાં ખિલોના રમે સાચું અને જુઠું........ હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
મનડાની પાછળ મન દોડે તનડું તન ને ઢુંઢે
ધનની પાછલ ધન દોડતું પ્રપંચ ખેલી ઉંડે
જાત જાત ભાત ભાત ના વિચાર દાવ પેચ
કયારે મળે લાગ અને કયારે લુટું ?......... હુ તુ તુ તુ તુ તુ તુ તુ...

## ૯. એબીસીડી એબીસીડી

એબીસીડી એબીસીડી
ઘોડા દોડાવો
ઘોડાની ટાંગ તૂટી મલમ લગાવો
મલમ ઉપર માખી બેસી
ચાદર ઓઢાડો
ચાદરનો છેડો ફાટ્યો
દરજી બોલાવો
દરજીની સોય તૂટી
લુહાર બોલાવો
લુહારનો વાંસલો ભાંગ્યો
સુથાર બોલાવો
સુથારનો હાથ તૂટ્યો
ડૉક્ટર બોલાવો
ડૉક્ટરની પેટી ચોરાઈ
પોલીસ બોલાવો
પોલીસની ટોપી ઊડી
તાળી વગાડો

## ૧૦. નીંદરભરી રે...

નીંદરભરી રે ગુલાલે ભરી,
બે'નીબાની આંખડી નીંદરભરી રે.

નીંદરને દેશ બે'ની નત્ય નત્ય જાતાં,
આકાશી હિંચકાની હોડી કરી – બે'નીબાની.

દોરી તાણીને વીર મારે હલેસાં,
હાલાં વાયાં ને હોડી વેગે ચડી. – બે'નીબાની.

નીંદર બેઠી છે નીલ સમદરના બેટમાં,
કેસરિયા દૂધના કટોરા ધરી. – બે'નીબાની.

નીંદરનો બાગ કાંઈ લૂંબે ને ઝૂંબે,
કળીઓ નિતારીને કચોળી ભરી. – બે'નીબાની.

સિંચ્યા એ તેલ મારી બે'નીને માથડે,
નાવણ કરાવે ચાર દરિયાપરી. – બે'નીબાની.

છીપોની વેલડીને જોડ્યા જળ-ઘોડલા
બેસીને બે'ન જાય મુસાફરી. – બે'નીબાની.

સાતે સિંધુને તીર સફરો રે કીધી,
સૂરજ ઉગ્યો ને બે'ન આવ્યા ફરી. – બે'નીબાની.

## ૧૧. હુ તુ તુ તુ... જામી રમતની ઋતુ..

હુ તુ તુ તુ તુ તુ તુ તુ
જામી રમતની ઋતુ
આપો આપો એક મેક ના થઈ ને ભેરુ સારુ
જગત રમતું આવ્યું ને રમે છે હુ તુ તુ તુ તુ
તેજ ને તિમિર રમે... હુ તુ તુ તુ હુ તુ તુ તુ
પાણી ને સમીર રમે.. હુ તુ તુ તુ હુ તુ તુ તુ
વાદળની ઓથે બેઠા સંતાયેલા પ્રભુજીને
પામવાને સંતને ફકીર રમે હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
એક મેકને મથે પકડવા સારા નરસા સ્વારથ સાથે
ધમ્માચકડી પકડા પકડી અવળે સવળે આટે પાટે
ખમીર થી ખમીરનો ખેલ રે મંડાયો ભાઈ
હોય જગ જાગતું કે હોય સુતું........ હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
ભેરું તો દેખાવ કરીને ખેલ ખેલતા ઉંચે શ્વાસે
પર ને કેમ પરાજીત કરવો અંતર પ્રગટી એક જ આશે
વિધ વિધ નામ ધરી સંસારની કેડી માથે
ખાકનાં ખિલોના રમે સાચું અને જુઠું........ હુ તુ તુ તુ તુ તુ તુ તુ...
મનડાની પાછળ મન દોડે તનડું તન ને ઢુંઢે
ધનની પાછલ ધન દોડતું પ્રપંચ ખેલી ઉંડે
જાત જાત ભાત ભાત ના વિચાર દાવ પેચ
ક્યારે મળે લાગ અને ક્યારે લુટું ?......... હુ તુ તુ તુ તુ તુ તુ તુ...

## ૧૨. ઢીંગલીને હાલા

હાલાં હાલાં હાલાં રે, ઢીંગલીને મારી હાલાં.

વાદળનું તો પારણું બાંધ્યું ને તારાની હીંચકા દોરી,
ચાંદામામા લાડ લડાવે પરી રાણી કરે લોરી,
હાલાં હાલાં હાલાં રે, ઢીંગલીને મારી હાલાં.

સૂઈ જા ઓ મારી ઢીંગલી બેના રાત હવે પડવાની,
નાની નાની આંખો મીચી નીંદરડી જો મજાની,
હાલાં હાલાં હાલાં રે, ઢીંગલીને મારી હાલાં.

નીંદરડીએ પોઢીને તમે પવન પાંખે ઉડજો,
પંખીઓના મીઠાં મીઠાં ગીતો તમે સૂણજો,
હાલાં હાલાં હાલાં રે, ઢીંગલીને મારી હાલાં.

## ૧૩. નાની મારી આંખ - અજબ જેવી વાત છે

નાની મારી આંખ એ જોતી કાંક કાંક,

એ તો કેવી અજબ જેવી વાત છે...

નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું,

એ તો કેવી અજબ જેવી વાત છે...

નાના મારા કાન એ સાંભળે દઈને ધ્યાન,

એ તો કેવી અજબ જેવી વાત છે...

નાનું મોઢું મારું એ બોલે સારું સારું,

એ તો કેવી અજબ જેવી વાત છે...

નાના મારા હાથ એ તાળી પાડે સાથ,

એ તો કેવી અજબ જેવી વાત છે...

પગ મારા નાના એ ચાલે છાનામાના,

એ તો કેવી અજબ જેવી વાત છે...

# બાળગીતો



## ૧૪. આવડા અમથા વાંદરાભાઈને.....

આવડા અમથા વાંદરાભાઈને
સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી ઝભ્ભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ
આવડા અમથા...
લાકડી લીધી ચશ્મા પહેર્યા (૨)
ચાલી નીકળ્યા આમ,ચાલી નીકળ્યા આમ
આવડા અમથા...
પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ
આવડા અમથા...
સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ
આવડા અમથા...
ચંપલ ફેંક્યા, ચશ્મા ફેંક્યા (૨)
ટોપી ફેંકીઆમ, ટોપી ફેંકી આમ
આવડા અમથા...



